# -:: ટાઈટલ સર્ટીફીકેટ તથા રીપોર્ટ ::-

❖ પ્રોપર્ટીની વિગત :- ડિસ્ટ્રીક્ટ સબડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના
મોજે ગામ - પોરની સીમના
ખાતા નં. ૨૪૪૦
રીસર્વે નં.૮૩૪
(બ્લોક નં.૪૦૯) (જુનો સર્વે નં.૨૯૮)
ક્ષેત્રફળ : ૬૮૪૩ ચો.મી. બીનખેતીની જમીન

❖ માલીક-કબજેદારનું નામ :- સ્વસ્તીક ઈન્ફ્રાકોન નામની ભાગીદારી પેઢી
રજી. ઓફીસ : એપાર્ટમેન્ટ નં.સી-૧૦૦૪,
આર્યન એમ્બેસી, સ્વામીનારાયણ મંદિર પાસે,
આંબલી, તા.ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮

**DILIP G. PATEL**
**Advocate**
OFFICE : 220-221, Second Floor, Shalin Galleria Complex, G-1,
Sangit Circle Corner, Nr.R.T.O. Office, Gandhinagar
Mo. 98252 00078,
Email : dgpatel8535@gmail.com
Enrollment NO.G/2075/2000

Ref :

Date : 7 / 7 /2022

# -:: ટાઈટલ સર્ટીફીકેટ તથા રીપોર્ટ ::-

પ્રતિ,
સ્વસ્તીક ઈન્ફાકોન નામની ભાગદારી પેઢી
રજી. ઓફીસ : એપાર્ટમેન્ટ નં.સી-૧૦૦૪,
આર્યન એમ્બેસી, સ્વામીનારાયણ મંદિર પાસે,
આંબલી, તા.ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮

DILIP G. PATEL Advocate GANDHINAGAR

**વિષય :-** **ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ પોરની સીમમાં આવેલ ખાતા નં.૧૪૪૦ ના રીસર્વે નં.૮૩૪ (બ્લોક નં.૪૦૯) ની ૬૮૪૩ ચો.મી. બીનખેતીની જમીન સંબંધે ટાઈટલ સર્ટીફીકેટ......**

ઉપરોકત વિષયમાં જણાવેલ ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ પોરની સીમમાં આવેલ ખાતા નં.૧૪૪૦ ના રીસર્વે નં.૮૩૪ (બ્લોક નં.૪૦૯) ની ૬૮૪૩ ચો.મી. બીનખેતીની જમીન સંબંધે તેના રેવન્યુ રેકર્ડના સ્વતંત્ર માલીક પ્રત્યક્ષ કબજેદાર ભોગવટેદાર સ્વસ્તીક ઈન્ફાકોન નામની ભાગીદારી પેઢીએ અમો પાસેથી ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતની સર્ટીફીકેટની માંગણી કરી અમોને નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડેલા.

(૧) રીસર્વે નં.૮૩૪ ના લેટેસ્ટ ૭/૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ.
(૨) રીસર્વે નં.૮૩૪ ના સને ૧૯૫૧-૫૨ થી ૨૦૦૫ સુધીના ૭/૧૨ ના ઉતારાની ઝેરોક્ષ નકલ.
(૩) ગામ નમુના નં.૬ ની તમામ એન્ટ્રીઓની ઝેરોક્ષ નકલ.
(૪) ખાતા નં.૧૩૬૧ ના ૮/અ ના ઉતારાની ઝેરોક્ષ નકલ.
(૫) ઝોનિંગ સર્ટીફિકેટ, પાર્ટ પ્લાન અને એફ-ફોર્મની ઝેરોક્ષ નકલ.
(૬) વેચાણ દસ્તાવેજ અ.નં.૮૮૯૬/૨૦૦૫ ની ઝેરોક્ષ નકલ.
(૭) રજીસ્ટર્ડ કબુલાત અ.નં.૨૫૯૮૭/૨૦૨૧ ની ઝેરોક્ષ નકલ.
(૮) નોટરાઈઝડ વેચાણ કરાર સીરીયલ નં.૨૧૯/૨/૨૦૦૪
(૯) નોટરાઈઝડ ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની સીરીયલ નં.૨૧૮/૨/૨૦૦૪
(૧૦) નોટરાઈઝડ ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની સીરીયલ નં.૨૦૮/૨/૨૦૦૫
(૧૧) નોટરાઈઝડ ઈન્ડેમ્નીટી બોન્ડ કમ સોગંદનામું સીરીયલ નં.૨૨૧/૨/૨૦૦૪
(૧૨) વેચાણ દસ્તાવેજ અ.નં.૨૦૭૪૪/૨૦૨૧ ની ઝેરોક્ષ નકલ.
(૧૩) કલેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રિમિયમ ભરવા અંગેના તેમજ બીનખેતીમાં કન્વર્ટ કરવા અંગેના હુકમની સર્ટીફાઈડ નકલ.
(૧૪) મામલતદારશ્રી, ગાંધીનગર દ્વારા તા.૩૦.૨.૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ સુધારા હુકમ નં.એસ.આર.નં.૫૧૩ વશી/૬૧૮૮ થી ૬૧૯૧/૨૦૧૪ ની નકલ
(૧૫) મામલતદારશ્રી, ગાંધીનગર દ્વારા ખેતી-ખેતીમાં જુની શરતમાં ફેરવવા અંગે તા.૨૧.૪.૨૦૦૫ ના રોજ કરવામાં આવેલ હુકમ નં.૭૩/૨૦૦૫ ની નકલ
(૧૬) એકત્રીકરણના તકતાની પ્રમાણિત નકલ
(૧૭) યોગી ઈન્ફા નામની ભાગીદારી પેઢીનો લેખ
(૧૮) સ્વસ્તીક ઈન્ફાકોન નામની ભાગીદારી પેઢીનો લેખ
(૧૯) વેચાણ દસ્તાવેજ અ.નં.૧૦૫૦/૨૦૨૨ ની ઝેરોક્ષ નકલ

ઉપરોકત દસ્તાવેજી પુરાવા અમોને પુરા પાડયા બાદ અમોએ સદરહુ જમીન સંબંધે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતનું સર્ટીફીકેટ આપતા અગાઉ સદરહુ જમીન સંબંધે કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, દાવો, હીત, સંબંધ હોય તો તે સંબંધે પુરાવા સહીત રજુઆત કરવા સારૂ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં તા.૩૧.૫.૨૦૨૨ ના રોજ પેજ નં.૧૦ ઉપર જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ અને સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, દાવો, હીત સંબંધે તેમજ ખોરાકી પોષાકીનો હકક પોષાતો હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી તે સંબંધે હકક દાવા સંબંધે પુરાવા સહીત વાંધા રજુ કરવા જાહેર જનતાને જાણ કરેલ, આ રીતે અમોએ જાહેર નોટીસ આપ્યા બાદ આજદિન સુધી કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર કે હકક દાવા આવેલ નથી. અમોને સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડ ઉપરોકત વિગતે જણાવ્યા મુજબ પુરા પાડવામાં આવેલ છે, તેની પૂરેપૂરી ચકાસણી કરેલ છે.

**રીસર્વે નં.૮૩૪ (બ્લોક નં.૪૦૯) (જુનો સર્વે નં.૨૯૮) ની હિસ્ટ્રી ::-**

મોજે ગામ પોરની સીમના જુના સર્વે નં.૨૯૮ ની જમીન ગલાબજી ગોદડજી, આતાજી જોરાજી, ભુલાજી ઉકાજી તથા ફુલાજી ઉકાજીના સંયુકત નામે ખાતે ચાલતી હતી, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૬૦૧ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

જુના સર્વે નં.૨૯૮ ની જમીન અંગે સને ૧૯૪૭ ના સ્ટેન્ડેડ એરીયાના કાયદા અન્વયે જમીનના ભાગલાં પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવાના સરકયુલર અન્વયે તાલુકાના એલ.એન.ડી. અનુસાર સુકી જમીન ૨૦ ગુંઠા કરતાં હોય તો તેને ટુકડા તરીકે જાહેર કરેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૧૯૩૮ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

પોર ગામે એકત્રીકરણ યોજના અમલમાં આવતા જુના સર્વે નં.૨૯૮ ને બદલે બ્લોક નં.૪૦૯ ફાળવવામાં આવેલ છે, જે એકત્રીકરણની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૨૯૬૩ થી તા.૧૬.૬.૧૯૬૪ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨૨.૬.૧૯૬૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીનના બીજા હકમાં માતુજી ગલાબજીનું નામ ચાલે છે, પરંતુ તેઓ રીત-૧ થી સદર જમીન ખેડતા હોઈ તેમજ કુટુંબના સભ્ય હોઈ તેઓનું બીજા હકમાંથી કમી કરવામાં આવેલ છે, તે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૦૫૪ થી તા.૩.૧૧.૧૯૬૬ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૩૧.૧.૧૯૬૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીનના ખાતેદાર ફુલાજી ઉકાજીએ ધી પોર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીમાંથી રૂા.૩,૦૦૦/- નું પાક ધિરાણ લેતાં તે તારણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૪૨૨૭ થી તા.૨૬.૧૨.૧૯૬૯ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૪.૨.૧૯૭૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીનના ખાતેદાર ભુલાજી ઉકાજીનું તા.૨૯.૧.૧૯૭૨ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી તેઓના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે ભવાનજી ભુલાજી, પુંજાજી ભુલાજી, મંગાજી ભુલાજી, શકરીબેન ભુલાજી તથા અમથીબેન તે ભુલાજી ઉકાજીની વિધવાના નામો રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ, જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૪૩૭૧ થી તા.૫.૯.૧૯૭૩ ના રોજ પડેલ છે, જે નોંધ પ્રમાણિત અધિકારી દ્વારા તા.૫.૨.૧૯૯૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીન અંગે પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના પત્ર નં.પીઓ/જમીન/ટુધા/વશી, તા.૧૬.૭.૧૯૯૦ ના રોજથી જે જમીન ૨૦ ગુઠા કરતાં વધુ હોય અને પિયત થતી હોઈ તેવી જમીનોને ટુકડામાંથી કમી કરવામાં આવેલ છે, જે ટુકડા કમી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૫૨૨૧ થી તા.૪.૧૨.૧૯૯૦ ના રોજ પડેલ છે, જે નોંધ પ્રમાણિત અધિકારી દ્વારા તા.૫.૩.૧૯૯૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

DILIP G. PATEL Advocate GANDHINAGAR

DSPatel

બ્લોક નં.૪૦૯ ની જમીન ભવાનજી ભુલાજી, પુંજાજી ભુલાજી, મંગાજી ભુલાજી, નાથાજી ફુલાજી, મફતજી ફુલાજી, પુંજાજી આતાજી, પુંજાજી માતુજી, રાવજીજી નાથાજી, વીનુજી નાથાજી, રેખાબેન નાથાજી, શકરીબેન તે નાથાજી માતાજીની વિધવા તમામના કુ.મુ. તરીકે રમણભાઈ બબુભાઈ પટેલે રસીકભાઈ ચુનીલાલ જોષીને વેચાણ આપવાનું નક્કી કરી તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અ.નં.૮૮૯૬, તા.૮.૧૨.૨૦૦૫ ના રોજ રજીસ્ટર્ડ કરી વેચાણ આપેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૬૪૧૨ તા.૨.૧.૨૦૦૬ ના રોજ પડેલ છે, તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૧૩.૨.૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

પોર ગામે હસ્તલેખિત ૭/૧૨ ને બદલે કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨ નું રેકર્ડમાં સુધારો કરવાનો થાય છે જેથી ક્ષતિઓ સાથેની યાદી મુજબ સુધારો કરવા મામલતદારશ્રી ગાંધીનગરના હુકમની નોંધ રેવન્યુ રેકર્ડમાં અંગેની એન્ટ્રી નં.૬૯૦૧, તા.૧૮.૧૦.૨૦૦૮ ના રોજ પડેલ છે, તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨૭.૩.૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીનના ખાતેદાર રસીકભાઈ ચુનીલાલ જોષીએ દેના બેંક, ઈન્ફોસીટી, ગાંધીનગર શાખામાંથી રૂા.૨૨,૪૦,૦૦૦/- નું ધિરાણ લેતાં તે તારણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૮૦૮ થી તા.૩.૫.૨૦૧૩ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨૯.૭.૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

બ્લોક નં.૪૦૯ ની જમીનના ખાતેદાર રસીકભાઈ ચુનીલાલ જોષીએ દેના બેંક, ઈન્ફોસીટી, ગાંધીનગર શાખામાંથી રૂા.૨૨,૪૦,૦૦૦/- ને બદલે રૂા.૧૧,૪૦,૦૦૦/- નું ધિરાણ લેતાં તેવા તારણ અંગે મામલતદારશ્રી, ગાંધીનગરે તે અંગેનો તા.૧૩.૨.૨૦૧૪ ના રોજ સુધારા હુકમ નં.૫૧૬/વશી/૬૧૮૮ કરેલ છે, જે સુધારા હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૯૩૩ થી તા.૧૪.૨.૨૦૧૪ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૫.૫.૨૦૧૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

પોર ગામે રીસર્વે પ્રમોલગેશન યોજના અમલમાં આવતા બ્લોક નં.૪૦૯ ને બદલે રીસર્વે નં.૮૩૪ ફાળવવામાં આવેલ છે, જે રીસર્વે પ્રમોલગેશન અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૮૩૨૫ થી તા.૧૪.૯.૨૦૧૭ ના રોજ પડેલ છે અને તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૩૦.૧૦.૨૦૧૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

DILIP G. PATEL Advocate GANDHINAGAR

રીસર્વે નં.૮૩૪ ની જમીનના ખાતેદાર રસીકભાઈ ચુનીલાલ જોષીએ દેના બેંક, ઈન્ફોસીટી, ગાંધીનગર શાખામાંથી લીધેલ રૂા.૧૧,૪૦,૦૦૦/- નું ધિરાણ ભરપાઈ કરતાં તે તારણ કમી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૮૭૬૨ થી તા.૧૪.૮.૨૦૧૯ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨૪.૯.૨૦૧૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની ૬૮૪૩ ચો.મી. જમીનના માલીક રસિકભાઈ ચુનીલાલ જોષીએ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગી મેળવવા કલેકટરશ્રી ગાંધીનગર સમક્ષ ઓનલાઈન અરજી કરતા કલેકટરશ્રી ગાંધીનગરે તેમના હુકમ નં.૧૪૭૦/૦૬/૦૩/૦૪૪/૨૦૨૦ થી તા.૭.૧૧.૨૦૨૦ ના રોજ પ્રિમિયમ રૂા.૬૯,૭૯,૮૬૦/- ભરવા અંગેનો હુકમ કરેલ છે, જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૦૫૫ થી તા.૭.૧૧.૨૦૨૦ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨૨.૧૨.૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની ૬૮૪૩ ચો.મી. જમીનના માલીક રસિકભાઈ ચુનીલાલ જોષીએ પ્રિમિયમની રકમ ભરપાઈ કરતાં કલેકટરશ્રી ગાંધીનગરે તેમના હુકમ નં.૧૫૧૧/૦૬/૦૩/૦૪૪/૨૦૨૦ થી તા.૧૭.૧૧.૨૦૨૦ થી બીનખેતીમાં કન્વર્ટ કરવાનો હુકમ કરેલ છે, જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૦૬૮ થી તા.૧૭.૧૧.૨૦૨૦ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૧૨.૧.૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની જમીન રસીકભાઈ ચુનીલાલ જોષીએ યોગી ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદારોને વેચાણ આપવાનું નક્કી કરી તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અ.નં.૨૦૭૪૪, તા.૯.૭.૨૦૨૧ ના રોજ રજીસ્ટર્ડ કરી વેચાણ આપેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ

DGPatel

દસ્તાવેજ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૩૫૬, તા.૧૪.૭.૨૦૨૧ ના રોજ પડેલ છે, તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૨.૯.૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

મામલતદારશ્રી, ગાંધીનગરના સુધારા હુકમ નં.મામ/ઈ-ધરા/સુ.હુ./એસ.આર.૨૪૨/૨૦૨૧, તા.૨૨.૯.૨૦૨૧ ના સુધારા હુકમ આધારે ખાતા નં.૧૩૬૧, રીસર્વે નં.૮૩૪ ની વિગતે હાલના ૭/૧૨ ના ઉતારામાં શરતચૂકથી રૂા.૧૧,૪૦,૦૦૦/- ને બદલે રૂા.૨૨,૪૦,૦૦૦/- લખાયેલ છે, તે સુધારો કરવા અંગેનો સુધારા હુકમ કરેલ છે, જે સુધારા હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૪૩૪, તા.૩૦.૯.૨૦૨૧ ના રોજ પડેલ છે, તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૧૩.૧૧.૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની ૬૮૪૩ ચો.મી. પૈકી ૧૩૭૦ ચો.મી. જમીન અંગે તેના માલીક યોગી ઈન્ફ્રાના તમામ ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર વિશાલકુમાર મુકેશભાઈ પટેલે જિલ્લા કલેક્ટરશ્રી ગાંધીનગર સમક્ષ વાણીજયના હેતુ માટે ફેરવવા અંગે ઓનલાઈન અરજી કરતા કલેક્ટરશ્રી ગાંધીનગરે તેમના હુકમ નં.૧૬૦૦/૦૬/૦૩/૦૪૪/૨૦૨૨ થી તા.૨૫.૧.૨૦૨૨ ના રોજ પ્રિમિયમની રકમ રૂા.૧૫,૩૯,૮૮૦/- સરકારશ્રીમાં જમા કરાવવા અંગેનો હુકમ કરેલ છે, જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૫૬૬ થી તા.૨૫.૧.૨૦૨૨ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૮.૩.૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની ૬૮૪૩ ચો.મી. પૈકી ૧૩૭૦ ચો.મી. જમીન અંગે તેના માલીક યોગી ઈન્ફ્રાના તમામ ભાગીદારો વતી વહીવટકર્તા ભાગીદાર વિશાલકુમાર મુકેશભાઈ પટેલે વાણીજયના હેતુ માટે ફેરવવા માટેની શિક્ષણ ઉપકર વિગેરેની રકમ રૂા.૫૪,૮૦૦/- સરકારશ્રીમાં જમા કરાવેલ કરાવતા કલેકટરશ્રી ગાંધીનગરે તેમના હુકમ નં.૧૭૬/૦૬/૦૩/૦૪૪/૨૦૨૨ થી તા.૨૭.૧.૨૦૨૨ ના રોજ બીનખેતી વાણિજયના હેતુ માટે ફેરવવા અંગેનો હુકમ કરેલ છે, જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૫૭૩ થી તા.૨૭.૧.૨૦૨૨ ના રોજ પડેલ છે, જે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૩૧.૩.૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

રીસર્વે નં.૮૩૪ ની જમીન યોગી ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ સ્વસ્તીક ઈન્ફ્રાકોનને વેચાણ આપવાનું નકકી કરી તે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અ.નં.૧૦૫૦, તા.૧૦.૧.૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ કરી વેચાણ આપેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૯૫૭૫, તા.૨૮.૧.૨૦૨૨ ના રોજ પડેલ છે, તે એન્ટ્રી પ્રમાણિત અધિકારી દ્વારા તા.૪.૫.૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

DILIP G. PATEL Advocate GANDHINAGAR

અમોએ સને ૧૯૮૮ થી તા.૧૦.૬.૨૦૨૨ સુધી સદરહુ જમીન સંબંધે સબરજીસ્ટ્રારશ્રી, ગાંધીનગર દસ્તાવેજ નોંધણી કચેરીની પહોંચ નં.૨૦૨૨૦૪૮૦૦૦૪૬૨૮૮ થી તા.૧૦.૬.૨૦૨૨ ના રોજ ગાંધીનગર ખાતે ઈન્સ્પેકશન કરેલ છે, તે જોતાં અ.નં.૧૫૫૪૨ થી તા.૬.૪.૨૦૨૨ ના રોજ લિસ પેન્ડન્સી રજીસ્ટર્ડ થયેલ છે અને તે લીસ પેન્ડન્સીમાં સ્પે.દી.મુ.નં.૬૬/૨૦૨૨ ના દાવાનો ઉલ્લેખ થયેલ છે અને તે દાવો હાલમાં ચાલુ છે, તેવું રેકર્ડ જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે તેમજ કલેકટરશ્રી, ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ. રીવીઝન નં.૨૩૮/૨૦૨૨ તેમજ પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ. દાસુ નં.૧૨૮/૨૦૨૨ તથા પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ. દાસુ નં.૧૨૯/૨૦૨૨ પેન્ડીગ છે તદઉપરાંત સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડના સ્વતંત્ર માલીક પ્રત્યક્ષ કબજેદાર ભોગવટેદાર સ્વસ્તીક ઈન્ફ્રાકોન નામની ભાગીદારી પેઢીએ સદરહુ જમીન કોઈને પણ વેચાણ, ગીરો, બક્ષીસ કે હસ્તાંતરને પાત્ર લેખથી, કરારોથી લખી આપેલ નથી, તેવું સબરજીસ્ટ્રારશ્રી, ગાંધીનગર સમક્ષ લીધેલ સર્ચથી જણાઈ આવે છે તેમજ સદરહુ જમીન ઉપર કોઈપણ જાતનો બોજો, ચાર્જ, લીયન ઉત્પન્ન થયેલ નથી. સદરહુ જમીન કોઈની પણ જામીનગીરી કે તારણમાં આપેલ નથી. સરકારશ્રી દ્વારા અન્ય કોઈ સ્કીમ હેઠળ રીઝર્વેશનમાં મુકેલ નથી તેવું અમોને પુરા પાડેલ રેવન્યુ રેકર્ડના પુરાવા જોતાં જણાઈ આવેલ છે તેમજ મારી સમક્ષના ઉપલબ્ધ તમામ રેકર્ડ તેમજ રીપોર્ટ આધારે હું મારૂં નીચે મુજબનું સર્ટીફીકેટ આપું છું.

DGPatel

**DILIP G. PATEL**
**Advocate**
OFFICE : 220-221, Second Floor, Shalin Galleria Complex, G-1,
Sangit Circle Corner, Nr.R.T.O. Office, Gandhinagar
Mo. 98252 00078,
Email : dgpatel8535@gmail.com
Enrollment NO.G/2075/2000

# -:: સર્ટીફીકેટ ::-

ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ પોર સીમમાં આવેલ ખાતા નં. ૨૪૪૦ ના રીસર્વે નં.૮૩૪ (બ્લોક નં.૪૦૯) ની ૬૮૪૩ ચો.મી. બીનખેતીની જમીન સંબંધે તેના રેવન્યુ રેકર્ડના સ્વતંત્ર માલીક પ્રત્યક્ષ કબજેદાર ભોગવટેદાર સ્વસ્તીક ઈન્ફ્રાકોન નામની ભાગીદારી પેઢીના ભાગીદારોની આવેલી છે અને નીચે દર્શાવેલ વિગતો પૂર્ણ થયેથી સદરહુ જમીન પરના તેઓના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

- પુંજાજી માતુજી તેમજ નાથુજી માતુજીના વારસદારો રાવજીજી નાથાજી, વિનુજી નાથાજી તથા રેખાબેન નાથાજીએ ઈરીવોકેબલ પાવર ઓફ એટર્ની રમણભાઈ બબુભાઈ પટેલની તરફેણમાં નોટરાઈઝડ કરી આપેલ અને તે પાવર ઓફ એટર્ની આધારે તેઓએ રસિકભાઈ ચુનીલાલ જોષીની તરફેણમાં વેચાણ દસ્તાવેજ અ.નં.૮૮૯૬/૨૦૦૫ રજીસ્ટર્ડ કરી આપેલ છે અને ત્યારબાદ લાંબા સમયગાળા બાદ સ્વ.પુંજાજી માતુજીના વારસદાર જશુજી પુંજાજી વિગેરેએ લીમીટેશન એકટની જોગવાઈઓ બહાર સ્પે.દી.મુ.નં.૬૬/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ છે અને તે દાવાનો આખરી નિર્ણય સ્વસ્તિક ઈન્ફ્રાકોનની તરફેણમાં થયેથી અને ત્યારબાદ લીસ પેન્ડન્સી કેન્સલેશન રજીસ્ટર્ડ થયેથી...
- જશુજી પુંજાજી વિગેરેએ દાખલ કરેલ કલેકટરશ્રી, ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ. રીવીઝન નં.૨૩૮/૨૦૨૨ તથા પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ આર.ટી.એસ. દાસુ નં.૧૨૮/૨૦૨૨ અને આર.ટી.એસ. દાસુ નં.૧૨૯/૨૦૨૨ રદ/નામંજુર થયેથી...
- ટાઉન પ્લાનીંગ એકટની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય.

તારીખ : ૭.૭.૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

DILIP G. PATEL Advocate GANDHINAGAR

DGPatel
દિલીપ જી. પટેલ
એડવોકેટ

<u>નોંધ</u> :-

સને ૧૯૮૮ થી તા.૩૧.૩.૨૦૦૭ સુધીના સબરજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના સર્ચના ચોપડા અસ્તવ્યસ્ત તથા ફાટી ગયેલ છે, જેથી તેનું ઈન્સ્પેકશન થઈ શકેલ નથી.

# જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ પોરની સીમના રી સર્વે નં. ૮૩૪ (જુનો બ્લોક નં. ૪૦૯)ની ૬૮૪૩ ચો.મી. બીનખેતીની જમીન સ્વસ્તિક ઈન્ફાકોનની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી હોવાનું જણાવી તેના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી અમો પાસે કરેલ છે, તેથી ઉપરોકત બીનખેતીની જમીન સંબંધે કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હકક દાવો હીત સંબંધ, ગીરોખત, બોજો, લીટીગેશન કે કોઈ પણ પ્રકારનો હકક પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તેવા હકક હિત સંબંધેના વાંધા પુરાવા સહીત અમોને નીચે જણાવેલ અમારા સરનામે રજી.પો.એ.ડી.થી મોકલી આપવા તેની જાહેર જનતાએ નોંધ લેવી, જો કોઈના કોઈપણ જાતના વાંધા પુરાવા સાથે આવશે નહીં તો સદરહુ બીનખેતીની જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિત સંબંધ, ગીરોખત, બોજો કે લીટીગેશન નથી અને હોય તો તે વેઈવ યાને જતા કરેલ છે તેમ સમજી સદરહુ બીનખેતીની જમીન અંગેનું ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતનું સર્ટીફીકેટ આપવામાં આવશે, તેની સર્વે શખ્સોએ નોંધ લેવી.

તારીખ : ૩૦.૫.૨૦૨૨

**દિલીપ જી. પટેલ, એડવોકેટ**
૨૨૦, બીજો માળ, શાલીન ગેલેરીયા કોમ્પલેક્ષ, ગ-૧ સંગીત સર્કલ કોર્નર, આર.ટી.ઓ. ઓફીસ પાસે, ગાંધીનગર.
મો. નં. ૯૮૨૫૨ ૦૦૦૭૮

સંદેશ
તા ૩૧/૫/૨૦૨૨
પીજ. ૧૦

વાદીના એડવોકેટ વિકાસ બી.પટેલ

# મે.ગાંધીનગરના પ્રિન્સી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં,
# મુ.ગાંધીનગર

સ્પે.દિ.મુ.નં. 66 /૨૦૨૨

વાદી:– સ્વ. પુંજાજી માતુજી ના વારસો

૧/૧) અમૃતીબેન તે પુંજાજી માતુજી ઠાકોરની દિકરી
તે દિનેશજી ઠાકોરની પત્ની
ઉ.વ.પુખ્ત,ધંધો – ખેતી

૧/૨) લીલાવતીબેન તે પુંજાજી માતુજી ઠાકોરની દિકરી
તે રાજેશકુમાર ઠાકોરની પત્ની
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી,

૧/૩) કુસુમબેન તે પુંજાજી માતુજી ઠાકોરની દિકરી
તે વિક્રમજી ઠાકોરની પત્ની
ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી,

૧/૪) રમીલાબેન તે પુંજાજી માતુજી ઠાકોરની દિકરી
તે બુધાજી ઠાકોરની પત્ની
ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી,

૧/૫) રંજનબેન પુંજાજી માતુજી ઠાકોર
ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી,

૧/૬) જશુજી પુંજાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી / વેપાર
નં. ૧/૧ થી ૧/૫ ના કું.મુ. તરીકે નં. ૧/૬
તથા જાતે પોતે.
રહે. મોટો ઠાકોરવાસ, ગામ – પોર,
તા.જી.ગાંધીનગર

વિરુધ્ધ

પ્રતિવાદી :– ૧) ભવાનજી ભુલાજી ઠાકોર
ઉ.વ. પુખ્ત, ધંધો – ખેતી

૨) પુંજાજી ભુલાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો –ખેતી,

૩) મંગાજી ભુલાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી,

૪) નાથાજી ફુલાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી,

૫) મફતજી ફુલાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી,

૬) પુંજાજી આતાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી

૭) રાવજીજી નાથાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી
૮) વિનુજી નાથાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી
૯) રેખાબેન નાથાજી ઠાકોર
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી,
૧૦) શકરીબેન તે નાથાજી માતુજીની વિધવા
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી
તમામ રહે. ગામ – પોર, તા.જી.ગાંધીનગર
૧૧) રમણભાઈ બબુભાઈ પટેલ
ઉ.વ.પુખ્ત, ધંધો –ખેતી,
રહે. સ્વામીનારાયણ મંદિર પાસે,
ગામ – પોર, તા.જી.ગાંધીનગર
૧૨) રસીકલાલ ચુનીલાલ જોષી
ઉ.વ.પુખ્ત, ધંધો – ખેતી
રહે. ગામ – સરગાસણ, તા.જી.ગાંધીનગર
૧૩) યોગી ઈન્ફ્રા
ઓફીસ – ૩૪૧, રાધે સ્ક્વેર,
રીલાયન્સ સર્કલ પાસે, ગામ – કુડાસણ,
તા.જી.ગાંધીનગર
યોગી ઈન્ફ્રા ભાગીદારી પેઢીના ભાગીદાર
૧૩/૧) શૈલેષકુમાર બાબુભાઈ પટેલ
ઉ.વ.૪૬, ધંધો – વેપાર
રહે. પ્લોટ નંબર – ૭/બી,
સ્વામીનારાયણ મંદિર પાસે,
સેકટર – ૨/એ, ગાંધીનગર
૧૩/૨) લલીતાબેન જગદિશકુમાર પટેલ
ઉ.વ.૬૦, ધંધો – ઘરકામ
રહે. પ્લોટ નંબર – ૩૯૦,
ગુજરાતી સ્કુલ પાસે,
સોનાસણ, સાબરકાંઠા
૧૩/૩)યસવંતભાઈ અમૃતલાલ પટેલ
ઉ.વ.૫૨, ધંધો – વેપાર
રહે. ૩, પોગલુ, તા.પ્રાંતજી,
જી.સાબરકાંઠા
૧૩/૪)વિનોદચંદ્ર પરસોત્તમદાસ પટેલ
ઉ.વ.૫૮, ધંધો – વેપાર
રહે. ૨, નિજાનંદ પાર્ક,
કોલેજ રોડ, તલોદ, તા. પ્રાંતીજ,
જી.સાંબરકાંઠા

૧૩/૫)**વિશાલકુમાર મુકેશકુમાર પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર,
રહે. ગામ – પોગલુ, તા. પ્રાંતીજ
જી.સાબરકાંઠા

૧૩/૬)**અંકિરકુમાર રમણલાલ પટેલ**
ઉ.વ.૩૩, ધંધો – વેપાર
રહે. પ્લોટ નંબર – ૧૨૧૬/૮,
સેકટર – ૩/એ, ગાંધીનગર

૧૩/૭)**મયંકકુમાર ચંદુલાલ પટેલ**
ઉ.વ.૪૯, ધંધો – વેપાર,
રહે. ૪, અર્હમ બંગલોઝ,
ઘોડા કેમ્પ રોડ, શાહીબાગ,
અમદાવાદ

૧૩/૮)**સુમીત્રાબેન મયંકકુમાર પટેલ**
ઉ.વ.૩૫, ધંધો – ઘરકામ
રહે. ૪, અર્હમ બંગલોઝ,
ઘોડા કેમ્પ રોડ, શાહીબાગ,
અમદાવાદ

૧૩/૯)**સૌનક દિપકભાઈ પટેલ**
ઉ.વ.૨૦, ધંધો – વેપાર
રહે. ૧૦૪૩, આર્યોદય બ્રહમાણી માતા મંદિરની પાસે,
સોનાસણ, તા. પ્રાંતિજ, જી.સાબરકાંઠા

૧૩/૧૦)**પ્રદિપકુમાર જયંતીલાલ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર
રહે. ઉમીયાનગર સોસાયટી,
ગામ – પ્રાંતીયા, તા.જી.ગાંધીનગર

૧૪) **સ્વસ્તીક ઈન્ફ્રાકોન**
ઓફીસ – સી/૧૦૦૪, આર્યન એમ્બેસી,
સ્વામીનારાયણ મંદિર પાસે,
આંબલી, ઘાટલોડીયા, અમદાવાદ.
**સ્વસ્તીક ઈન્ફ્રાકોન ભાગીદારી પેઢીના ભાગીદારો**

૧૪/૧)**કિર્તીકુમાર શંકરલાલ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર,

૧૪/૨) **દેવાંગ પ્રફુલભાઈ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર

૧૪/૩)**અનંતકુમાર જયંતીલાલ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર

૧૪/૪)**આશીષ હરિભાઈ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર

૧૪/૫)**રવિ કિરણભાઈ પટેલ**
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર

૧૪/૬)પ્રફુલભાઈ ઉકાભાઈ પટેલ
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર
૧૪/૭)દિપકકુમાર પ્રહલાદભાઈ પટેલ
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર
૧૪/૮)ગૌરાંગ રવિન્દ્રકુમાર વ્યાસ
ઉ.વ.પુખ્ત, ધંધો – વેપાર
નં. ૧૪/૧ થી ૧૪/૮
ઓફીસ – સી/૧૦૦૪, આર્યન એમ્બેસી,
સ્વામીનારાયણ મંદિર પાસે,
આંબલી, ઘાટલોડીયા, અમદાવાદ.

બાબત :– <u>દસ્તાવેજોનુ રદ્દીકરણ કરવા તથા રૂા.૧,૦૦૦/– ના આંકથી કાયમી મનાઈ હુકમનો દાવો.</u>

સદર કામે અમો વાદીની આપ નામદાર કોર્ટને નમ્ર અરજ કે,

૧) સદર કામે અમો વાદીઓ ઉપરોકત સરનામે રહીએ છીએ. અને અમો વાદી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છીએ.

૨) સદર કામે ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગર મોજે ગામ – પોરની સીમમાં આવેલ બ્લોક / સર્વે નંબર – ૮૩૪ (જુનો રી–સર્વે પહેલાનો બ્લોક નંબર –૪૦૯ કે જેનો જુનો સર્વે નંબર – ૨૯૮) ની હે.આરે.ચો.મી. ૦–૬૮–૪૩ યાને કે ૬૮૪૩ સમ ચો.મી. વાળી કે જેનો આકાર રૂા.૫.૭૫ વાળી કે જેનો ખાતા નંબર – ૧૩૬૧ વાળી બીનખેતીની જમીનને સદરહુ દાવાના કામે "દાવાવાળી જમીન " , " પ્રશ્વાળી જમીન" કે "તકરારી જમીન " તરીકે સંબોધવામાં આવેલ છે.

૩) સદર કામે સદરહુ દાવાવાળી જમીન કે જે અમો વાદીના પિતાશ્રીની વડીલો પાર્જીત જમીન આવેલ છે અને સદરહુ જમીનમાં અમો વાદીના પિતાશ્રી સ્વ. પુંજાજી માતુજીનું નામ રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નંબર – ૬૩૬૧ થી દાખલ થયેલ છે. આમ અમો વાદી સ્વ. પુજાજી માતુજીના વારસદારો છીએ.

૪) સદર કામે સદરહુ જમીન અમો વાદીની વડીલો પાર્જીત આવેલ છે અને સદરહુ જમીનમાં અમો વાદીના વડીલો પાર્જીત વારસાઈ હકકો રહેલા છે. સદર કામે

સદરહુ જમીનમાં આ કામના પ્રતિવાદી નંબર –૧૧ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧ થી ૧૦ તથા અમો વાદીના પિતાશ્રીના નામનો પાવર ઉભો કરી આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૨ ને સદરહુ પાવરના આધારે ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ અનુ. નં. ૮૮૯૬/૨૦૦૫ થી તા.૦૮/૧૨/૨૦૦૫ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે આમ સદરહુ પાવર ઓફ એટર્નીમાં અમો વાદીના પિતાશ્રીએ કોઈ સહી મત્તા કરી આપેલ નથી કે અમો વાદીના પિતાશ્રીએ તેવો કોઈ પાવર કરી આપેલ નથી તેમ છતાં ખોટી પાવર ઓફ એટર્નીના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૨ ની તરફેણમાં એકબીજાની મીલીભગતમાં ખોટો વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે. અને જેમાં અમો વાદીઓ કે અમો વાદીના પિતા સ્વ. પુંજાજી માતુજીને કોઈ જાણ કરવામાં આવેલ નથી કે તેઓની સદરહુ દસ્તાવેજમાં કોઈ કબુલાત લેવામાં આવેલ નથી કે અમો વાદીઓને કે અમારા સ્વ. પિતા પુંજાજી માતુજીને મહેસુલ અધિનીયમનની ૧૩૫ (ડી) મુજબની કોઈ નોટીસ બજાવવામાં આવેલ નથી.

૫) સદર કામે ત્યારબાદ સદરહુ દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદી નંબર –૧૨ નાઓએ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે તેઓનું નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરાવેલ.

૬) સદર કામે ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ સદરહુ દાવાવાળી જમીન કલેકટર સાહેબશ્રી, ગાંધીનગરનાઓને બીનખેતીના હેતુ ને પ્રિમયમ ભરવાને અરજી તા.૧૮/૦૯/૨૦૨૦ ના રોજ કરેલ અને ત્યારબાદ સદરહુ જમીનને કલેકટર સાહેબશ્રી ધ્વારા હુકમ ક્રમાંક – ૧૫૧૧/૦૬/૦૩/૦૪૪/૨૦૨૦ થી તા.૧૭/૧૧/૨૦૨૦ ના રોજ બીનખેતીમાં ફેરવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૭) સદર કામે ત્યારબાદ સદરહુ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૩ કે જે યોગી ઈન્ફ્રા નામની પેઢી છે અને

પ્રતિવાદી નંબર – ૧૩ યોગી ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૩/૫ તથા ૧૩/૧૦ ના નામે સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર –૧૩ યોગી ઈન્ફ્રા પેઢીએ સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નંબર – ૯૩૫૬ થી દાખલ કરવામાં આવેલ છે. આમ સદરહુ દસ્તાવેજની જાણ પણ અમો વાદીને કરવામાં આવેલ નથી કે અમો વાદીને તે અંગેની કોઈ નોટીસ પણ બજાવવામાં આવેલ નથી.

૮) સદર કામે ત્યારબાદ સદરહુ જમીન આ કામના પ્રતિવાદી નંબર – ૧૩ તેમજ તેઓની પેઢી ધ્વારા સદરહુ વેચાણ દસ્તાવેજ કરવાની સત્તા પ્રતિવાદી નંબર ૧૩/૫ તથા પ્રતિવાદી નંબર – ૧૩/૧૦ ને પઢી ધ્વારા આપવામાં આવેલ અને જેના આધારે તેઓએ પ્રતિવાદી નંબર – ૧૪ કે જે સ્વસ્તિક ઈન્ફ્રાકોન નામની ભાગીદારી પેઢી છે અને ભાગીદારો વતી સદરહુ વેચાણ દસ્તાવેજ સ્વસ્તિક ઈન્ફ્રાકોન વતી ૧૪/૧ તથા ૧૪/૨ ધ્વારા સહી મત્તા કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદરહુ વેચાણ દસ્તાવેજ થયેલ છે. સદર કામે પ્રતિવાદી નંબર – ૧૩ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૪ ને સદરહુ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ ગાંધીગનર સબ–રજીસ્ટ્રાર કચેરી હાજર રહી દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ ઉભો કરવામાં આવેલ છે. આમ સદરહુ દસ્તાવેજમાં પણ અમો વાદીઓને કોઈ જાણ કરવામાં આવેલ નથી કે તે અંગેની કોઈ નોટીસ પણ અમો વાદીઓને બજવણી કરવામાં આવેલ નથી. અને સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ ધ્વારા તેઓનું નામ રેવન્યુ રેકર્ડ દાખલ કરવા સારૂ સદરહુ જમીનમાં ફેરફાર નોંધ નંબર – ૯૫૭૫ થી દાખલ કરવામાં આવેલ છે. અને જે હાલમાં પેન્ડીંગ છે.

૯) સદરકામે સદરહુ દાવાવાળી જમીન કે જેઅમો વાદીની વડીલો પાર્જીત જમીન આવેલ છે અને સદરહુ દાવાવાળી જમીનમાં અમો વાદીનો વડીલો પાર્જીત વારસાઈ હકક પોષાતો આવેલ છે. અને આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ ધ્વારા અમો વાદીના પિતા સ્વ. પુંજાજી માતુજીનો ખોટો પાવર ઓફ એટર્ની સદરહુ દાવાવાળી જમીનનો બનાવેલ હોઈ તે અંગેની અમો વાદીને જાણ થતાં અમો વાદીએ તા.૧૭/૦૨/૨૦૨૨ ના રોજ સદરહુ દાવાવાળી જમીનના પેપર્સ ગાંધીનગર ઈ–ધરા ખાતેથી કઢાવતા અમો વાદીને જાણ થયેલ કે આ કામના પતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્ની ઉભી કરી સદરહુ પાવર ઓફ એટર્નીના આધારે સદરહુ દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર – ૧૨ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે હાજર રહી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૮૯૬/૦૫ થી વેચાણ દસ્તવોજ કરી આપેલ છે અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૩ ને સદરહુ દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૩ અને તેઓની પેઢી ધ્વારા સદરહુ દાવાવાળી જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૫૦/૨૦૨૨ થી ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે આમ અમો વાદીએ સદરહુ વેચાણ દસ્તાવેજોની નકલો ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતેથી તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ મેળવતા અમો વાદીને સદરહુ દસ્તાવેજો અંગેની જાણ થયેલ છે. અને ત્યારબાદ અમો વાદીએ આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓએ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ દાખલ કરાવવા સારૂ ફેરફાર નોંધ નંબર – ૯૫૭૫ થી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ દાખલ કરાવવા સારૂ નોંધ પડાવેલ છે. જેથી અમો વાદીએ સદરહુ ફેરફાર નોંધની સામે તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ વાંધા અરજી આપતા સદરહુ ફેરફાર નોંધને તકરારી કરવામાં આવેલ છે અને

જેને તકરારી કેસ નંબર –૧૩૮/૨૦૨૨ નો આપવામાં આવેલ છે. અને જે હાલમાં ગાંધીનગર પ્રાંત અધિકારી સાહેબશ્રી સમક્ષ પેન્ડીંગ છે તેમજ આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદી નંબર – ૧૨ ધ્વારા ઉત્તરો ઉત્તર અન્ય પ્રતિવાદીઓને માત્ર કાગળ ઉપર વેચાણ દસ્તાવેજો ઉભા કરેલા હોઈ તેઓની સામે અમો વાદીએ ગાંધીનગર જિલ્લા કલેકટર સાહેબશ્રી નાઓ સમક્ષ ગુજરાત જમની પચાવી પાડવા પર પ્રધિબંધ અધિનિયમન – ૨૦૨૦ હેઠળ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ ફાઈલ નંબર – ૧૩૭૫૫૫૫૧ થી ફરીયાદ આપેલ છે અને જેની તપાસ પણ હાલમાં પેન્ડીંગ છે. આમ આ કામના પ્રતિવાદીઓએ અમો વાદીના વડીલો પાર્જીત વારસાઈ હકકોને નુકશાન પહોંચાડવાનું કૃત્ય કરી ઉત્તરો – ઉત્તર વેચાણ દસ્તાવેજો ઉભા કરેલ છે આમ સદર કામે આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્ની અમો વાદીના પિતાશ્રીની ઉભી કરી સદરહુ ખોટી પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદી નંબર – ૧૨ ને જે વચાણદસ્તાવેજ નંબર – ૮૮૯૬/૦૫ થી તા.૦૮/૧૨/૦૫ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે જે દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીકરણ કરવા સારૂ તેમજ પ્રતિવાદી નંબર – ૧૨ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૩ ની તરફેણમાં દસ્તાવેજ અનુ. નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ જે ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉભો કરવામાં આવેલ છે તે દસ્તાવેજ રદ્દીકરણ કરવા સારૂ તેમજ પ્રતિવાદી નંબર – ૧૩ ની પેઢી ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૪ ને દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ જે વેચાણ દસ્તાવેજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીકરણ કરવા સારૂ તેમજ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ દાવાવાળી જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, હસ્તાંતર કરે – કરાવે નહી તેમજ સદરહુ જમીન ઉપર કોઈ બોજો

ઉભો કરે – કરાવે નહી તેમજ સદરહુ જમીન ઉપર પ્રતિવાદી નંબર – ૧૪ કોઈ પ્લાન પાસ કરે – કરાવે નહી તેમજ બાંધકામ કરે – કરાવે નહી તેમજ પ્રતિવાદી નંબર – ૧૪ સદરહુ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અન્ય કોઈને સોંપે – સોંપાવે નહી તેમજ સદરહુ દાવાવાળી જમીન ઉપરનો સ્થળ ઉપરનો કબજો ભોગવટો પ્રતિવાદી અમો વાદીને સુપ્રત કરે તે સારૂ સદરહુ દાવો દાખલ કરેલ છે.

૧૦) દાવાનું કારણ :–

સદર કામે સદરહુ દાવાવાળી જમીન કે જે અમો વાદીના પિતાશ્રીની વડીલો પાર્જીત જમીન આવેલ છે અને સદરહુ જમીનમાં અમો વાદીના પિતાશ્રી સ્વ. પુંજાજી માતુજીનું નામ રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નંબર – ૬૩૬૧ થી દાખલ થયેલ છે. આમ અમો વાદી સ્વ. પુજાજી માતુજીના વારસદારો છીએ. સદર કામે સદરહુ જમીન અમો વાદીની વડીલો પાર્જીત આવેલ છે અને સદરહુ જમીનમાં અમો વાદીના વડીલો પાર્જીત વારસાઈ હકકો રહેલા છે. સદર કામે સદરહુ જમીનમાં આ કામના પ્રતિવાદી નંબર –૧૧ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧ થી ૧૦ તથા અમો વાદીના પિતાશ્રીના નામનો પાવર ઉભો કરી આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૨ ને સદરહુ પાવરના આધારે ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ અનુ. નં. ૮૮૯૬/૨૦૦૫ થી તા.૦૮/૧૨/૨૦૦૫ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે આમ સદરહુ પાવર ઓફ એટર્નીમાં અમો વાદીના પિતાશ્રીએ કોઈ સહી મત્તા કરી આપેલ નથી કે અમો વાદીના પિતાશ્રીએ તેવો કોઈ પાવર કરી આપેલ નથી તેમ છતાં ખોટી પાવર ઓફ એટર્નીના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૨ ની તરફેણમાં એકબીજાની મીલીભગતમાં ખોટો વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે. અને જેમાં અમો વાદીઓ કે અમો વાદીના પિતા સ્વ. પુંજાજી માતુજીને કોઈ જાણ કરવામાં આવેલ નથી કે તેઓની સદરહુ દસ્તાવેજમાં કોઈ કબુલાત લેવામાં

આવેલ નથી કે અમો વાદીઓને કે અમારા સ્વ. પિતા પુંજાજી માતુજીને મહેસુલ અધિનીયમની ૧૩૫ (ડી) મુજબની કોઈ નોટીસ બજાવવામાં આવેલ નથી. ત્યારબાદ સદરહુ દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદી નંબર –૧૨ નાઓએ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે તેઓનું નામ રેવન્યુ રેકર્ડ દાખલ કરાવેલ ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ સદરહુ દાવાવાળી જમીન કલેકટર સાહેબશ્રી, ગાંધીનગરનાઓને બીનખેતીના હેતુ ને પ્રિમયમ ભરવાને અરજી તા.૧૮/૦૯/૨૦૨૦ ના રોજ કરેલ અને ત્યારબાદ સદરહુ જમીનને કલેકટર સાહેબશ્રી ધ્વારા હુકમ ક્રમાંક – ૧૫૧૧/૦૬/૦૩/૦૪૪/૨૦૨૦ થી તા.૧૭/૧૧/૨૦૨૦ ના રોજ બીનખેતીમાં ફેરવવાનો હુકમ કરવામાં આવેલ છે ત્યારબાદ સદરહુ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૩ કે જે યોગી ઈન્ફ્રા નામની પેઢી છે અને પ્રતિવાદી નંબર – ૧૩ યોગી ઈન્ફ્રા નામની ભાગીદારી પેઢી ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૩/૫ તથા ૧૩/૧૦ ના નામે સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ છે અને સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર –૧૩ યોગી ઈન્ફ્રા પેઢીએ સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નંબર – ૯૩૫૬ થી દાખલ કરવામાં આવેલ છે. આમ સદરહુ દસ્તાવેજની જાણ પણ અમો વાદીને કરવામાં આવેલ નથી કે અમો વાદીને તે અંગેની કોઈ નોટીસ પણ બજાવવામાં આવેલ નથી ત્યારબાદ સદરહુ જમીન આ કામના પ્રતિવાદી નંબર – ૧૩ તેમજ તેઓની પેઢી ધ્વારા સદરહુ વેચાણ દસ્તાવેજ કરવાની સત્તા પ્રતિવાદી નંબર – ૧૩/૫ તથા પ્રતિવાદી નંબર – ૧૩/૧૦ ને પઢી ધ્વારા આપવામાં આવેલ અને જેના આધારે તેઓએ પ્રતિવાદી નંબર – ૧૪ કે જે સ્વસ્તિક ઈન્ફ્રાકોન નામની ભાગીદારી પેઢી છે અને ભાગીદારો વતી સદરહુ વેચાણ દસ્તાવેજ સ્વસ્તિક ઈન્ફ્રાકોન વતી ૧૪/૧ તથા ૧૪/૨ ધ્વારા સહી મત્તા

કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદરહુ વેચાણ દસ્તાવેજ થયેલ છે. સદર કામે પ્રતિવાદી નંબર – ૧૩ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૪ ને સદરહુ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ ગાંધીગનર સબ–રજીસ્ટ્રાર કચેરી હાજર રહી દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ ઉભો કરવામાં આવેલ છે. આમ સદરહુ દસ્તાવેજમાં પણ અમો વાદીઓને કોઈ જાણ કરવામાં આવેલ નથી કે તે અંગેની કોઈ નોટીસ પણ અમો વાદીઓને બજવણી કરવામાં આવેલ નથી. અને સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૨૪ ધ્વારા તેઓનું નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરવા સારૂ સદરહુ જમીનમાં ફેરફાર નોંધ નંબર – ૯૫૭૫ થી દાખલ કરવામાં આવેલ છે. અને જે હાલમાં પેન્ડીંગ છે સદર કામે સદરહુ દાવાવાળી જમીન કે જે અમો વાદીની વડીલો પાર્જીત જમીન આવેલ છે અને સદરહુ દાવાવાળી જમીનમાં અમો વાદીનો વડીલો પાર્જીત વારસાઈ હકક પોષાતો આવેલ છે. અને આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ ધ્વારા અમો વાદીના પિતા સ્વ. પુંજાજી માતુજીનો ખોટો પાવર ઓફ એટર્ની સદરહુ દાવાવાળી જમીનનો બનાવેલ હોઈ તે અંગેની અમો વાદીને જાણ થતાં અમો વાદીએ તા.૧૭/૦૨/૨૦૨૨ ના રોજ સદરહુ દાવાવાળી જમીનના પેપર્સ ગાંધીનગર ઈ–ધરા ખાતેથી કઢાવતા અમો વાદીને જાણ થયેલ કે આ કામના પતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્ની ઉભી કરી સદરહુ પાવર ઓફ એટર્નીના આધારે સદરહુ દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર – ૧૨ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે હાજર રહી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૮૮૯૬/૦૫ થી વેચાણ દસ્તવોજ કરી આપેલ છે અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ પ્રતિવાદી નંબર – ૧૩ ને સદરહુ દાવાવાળી જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે અને ત્યારબાદ આ કામના પ્રતિવાદી નંબર – ૧૩ અને તેઓની પેઢી ધ્વારા સદરહુ દાવાવાળી જમીન

રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૦૫૦/૨૦૨૨ થી ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે આમ અમો વાદીએ સદરહુ વેચાણ દસ્તાવેજોની નકલો ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતેથી તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ મેળવતા અમો વાદીને સદરહુ દસ્તાવેજો અંગેની જાણ થયેલ છે. અને ત્યારબાદ અમો વાદીએ આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓએ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ દાખલ કરાવવા સારૂ ફેરફાર નોંધ નંબર – ૯૫૭૫ થી તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ દાખલ કરાવવા સારૂ નોંધ પડાવેલ છે. જેથી અમો વાદીએ સદરહુ ફેરફાર નોંધની સામે તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ વાંધા અરજી આપતા સદરહુ ફેરફાર નોંધને તકરારી કરવામાં આવેલ છે અને જેને તકરારી કેસ નંબર –૧૩૮/૨૦૨૨ નો આપવામાં આવેલ છે. અને જે હાલમાં ગાંધીનગર પ્રાંત અધિકારી સાહેબશ્રી સમક્ષ પેન્ડીગ છે તેમજ આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદી નંબર – ૧૨ ધ્વારા ઉત્તરો ઉત્તર અન્ય પ્રતિવાદીઓને માત્ર કાગળ ઉપર વેચાણ દસ્તાવેજો ઉભા કરેલા હોઈ તેઓની સામે અમો વાદીએ ગાંધીનગર જિલ્લા કલેકટર સાહેબશ્રી નાઓ સમક્ષ ગુજરાત જમની પચાવી પાડવા પર પ્રધિબંધ અધિનિયમન – ૨૦૨૦ હેઠળ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ ફાઈલ નંબર – ૧૩૭૫૫૫૫૧ થી ફરીયાદ આપેલ છે અને જેની તપાસ પણ હાલમાં પેન્ડીગ છે. આમ આ કામના પ્રતિવાદીઓએ અમો વાદીના વડીલો પાર્જીત વારસાઈ હકકોને નુકશાન પહોંચાડવાનું કૃત્ય કરી ઉત્તરો – ઉત્તર વેચાણ દસ્તાવેજો ઉભા કરેલ છે આમ સદર કામે આ કામના પ્રતિવાદી નંબર – ૧૧ નાઓએ ખોટી પાવર ઓફ એટર્ની અમો વાદીના પિતાશ્રીની ઉભી કરી સદરહુ ખોટી પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદી નંબર – ૧૨ ને જે વચાણદસ્તાવેજ નંબર – ૮૮૯૬/૦૫ થી તા.૦૮/૧૨/૦૫ ના રોજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે જે દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીકરણ

કરવા સારૂ તેમજ પ્રતિવાદી નંબર – ૧૨ ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૩ ની તરફેણમાં દસ્તાવેજ અનુ. નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ જે ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉભો કરવામાં આવેલ છે તે દસ્તાવેજ રદ્દીકરણ કરવા સારૂ તેમજ પ્રતિવાદી નંબર – ૧૩ ની પેઢી ધ્વારા પ્રતિવાદી નંબર – ૧૪ ને દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ જે વેચાણ દસ્તાવેજ ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીકરણ કરવા સારૂ તેમજ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ દાવાવાળી જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, હસ્તાંતર કરે – કરાવે નહી તેમજ સદરહુ જમીન ઉપર કોઈ બોજો ઉભો કરે – કરાવે નહી તેમજ સદરહુ જમીન ઉપર પ્રતિવાદી નંબર – ૧૪ કોઈ પ્લાન પાસ કરે – કરાવે નહી તેમજ બાંધકામ કરે – કરાવે નહી તેમજ પ્રતિવાદી નંબર – ૨૪ સદરહુ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અન્ય કોઈને સોંપે – સોંપાવે નહી તેમજ સદરહુ દાવાવાળી જમીન ઉપરનો સ્થળ ઉપરનો કબજો ભોગવટો પ્રતિવાદી અમો વાદીને સુપ્રત કરે તે સારૂ હાલનો આ દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

૧૧) હકુમત :–

સદરહુ દાવાવાળી જમીન આપ નામદાર કોર્ટની હકુમતમાં હોઈ સદરહુ દાવો ચલાવવા તથા સાંભળવાની આપ નામાદર કોર્ટને સત્તા હોઈ સદરહુ દાવો આપ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

૧૨) **મજકુર કામે અમો વાદી આ દાવો કરી દાદ માંગીએ છીએ કે,**

**એ) ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગર મોજે ગામ – પોરની સીમમાં આવેલ બ્લોક / સર્વે નંબર – ૮૩૪ (જુનો રી–સર્વે પહેલાનો બ્લોક નંબર –૪૦૯ કે જેનો જુનો સર્વે નંબર – ૨૯૮) ની હે.આરે.ચો.મી. ૦–૬૮–૪૩ યાને કે ૬૮૪૩ સમ ચો.મી. વાળી કે જેનો આકાર રૂા.૫.૭૫ વાળી કે જેનો ખાતા નંબર –**

૧૩૬૧ વાળી જમીન કે જે અમો વાદીના સ્વ. પિતા પુંજાજી માતુજીના નામે આવેલ અને સદરહુ જમીનની ખોટી પાવર ઓફ એટર્ની પ્રતિવાદી નંબર – ૧૧ ધ્વારા ઉભી કરી સદરહુ ખોટી પાવર ઓફ એટર્નીના આધારે પ્રતિવાદી નંબર – ૧૨ ને ગાંધીનગર સબ–રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ અનુ. નં. ૮૯૬/૦૫ થી તા.૦૮/૧૨/૦૫ ના રોજ વેચાણ દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ ખોટો, ગેરકાયદેસરનો હોઈ સદરહુ વેચાણ દસ્તાવેજ રદ્દબાતલ ઠરાવતો હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

બી) સદર કામે સદરહુ દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર – ૧૨ નાઓએ દસ્તાવેજ અનુ. નં. ૨૦૭૪૪/૨૦૨૧ થી તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ પ્રતિવાદી નંબર – ૧૩ ની તરફેણમાં જે માત્ર કાગળ ઉપર ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીબાતલ ઠરાવો હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

સી) સદર કામે સદરહુ દાવાવાળી જમીન પ્રતિવાદી નંબર – ૧૩ નાઓએ દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ પ્રતિવાદી નંબર – ૧૪ ની તરફેણમાં જે માત્ર કાગળ ઉપર ઉભો કરવામાં આવેલ છે તે વેચાણ દસ્તાવેજ રદ્દીબાતલ ઠરાવો હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

ડી) સદર કામે સદરહુ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૧૦૫૦/૨૦૨૨ થી થયેલ છે તે વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ દાવાવાળી જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, હસ્તાંતર કરે – કરાવે નહી તેમજ સદરહુ વેચાણ દસ્તાવેજના આધારે આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ દાવાવાળી જમીન ઉપર કોઈ પણ પ્રકારની લોન લે–લેવડાવે નહી તેમજ સદરહુ દાવાવાળી જમીન ઉપર અન્ય કોઈ પણ

પ્રકારના પ્લાન પાસ કરે – કરાવે નહી તેમજ સદરહુ દાવાવાળી જમીન ઉપર આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ કોઈ પણ પ્રકારનું બાંધકામ કરે – કરાવે તે મુજબનો કાયમી મનાઈ હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

ઈ) સદર કામે આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ સદરહુ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો અન્ય કોઈને સોંપે – સોંપાવે નહી તે મુજબનો કાયમી મનાઈ હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

એફ) સદર કામે સદરહુ દાવાવાળી જમીનનો સ્થળ ઉપરનો કબજો ભોગવટો આ કામના પ્રતિવાદી નંબર – ૧૪ નાઓ અમો વાદીને સુપ્રત કરે તે મુજબનો હુકમ તથા હુકમનામું અમો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં ફરમાવવા મે. કરશોજી.

જી) દાવાની એકદરે હકીકત જોતા આપ નામદાર કોર્ટને બીજી યોગ્ય અને જરૂરી લાગે તેવી હરકોઈ દાદ અપાવશોજી.

૧૩) મજકુર દાવાના મથાળે નોંધેલા પક્ષકારોના નામ અને સરનામા સી.પી.સી.ઓર્ડર–૬–રુલ્સ -- ૧૪ એ મુજબ સાચા અને ખરા છે, તેમ છતાં અલગ પુરસીસ આપી જાહેર કરેલ છે.

૧૪) મજકુર દાવો પુરી તજવીજ કરી દાખલ કરેલ છે. તેમ છતાં દાવા કે મનાઈ અરજીમાં ફેરફાર કરવાનો અમો વાદીનો હકક આબાદિત રાખીએ છીએ.

૧૫) મજકુર કામે દાવો રૂા.૨,૪૧,૫૦૦/– ના આંકથી દસ્તાવેજનુ રદ્દીકરણ તથા રૂા.૧,૭૪,૫૦,૦૦૦/– ના આંકથી દસ્તાવેજ રદ્દીકરણ તથા રૂા.૧,૮૫,૦૦,૦૦૦/– ના આંકથી દસ્તાવેજ રદ્દીકરણ તથા રૂા.૧૦૦૦/– ના આંકથી કાયમી મનાઈ હુકમ સારૂ કુલ મળી રૂા.૭૫,૦૦૦/– નો કોર્ટ ફી સ્ટેમ્પ ચોડી લગત પુરી કરેલ છે.

૧૬) મજકુર દાવા અરજી સાથે વકીલપત્ર, પુરાવા લીસ્ટ, સોંગદનામું અને મનાઈ અરજ સામેલ છે.

મજકુર દાવા અરજીની હકીકતો ધ્યાને લઈ મજકુર કામે યોગ્ય હુકમ કરવા મહેરબાની કરશોજી.

તારીખ: /૦૩/૨૦૨૨ ____________________
સ્થળ : ગાંધીનગર

ઈકરાર

અમો વાદીઓ ગાંધીનગર મધ્યે હાજર થઈ ઈકરાર કરીએ છીએ કે મજકુર દાવામાં જણાવેલ તમામ હકીકતો સાચી અને ખરી છે. તે અમો ઈકરાર ઉપર જાહેર કરીએ છે.

તારીખ: /૦૩/૨૦૨૨ ____________________
સ્થળ : ગાંધીનગર